# બાગાયત મહાવિદ્યાલય

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ– ૩૮૮ ૧૧૦

## ઓરીએન્ટેશન પ્રોગ્રામ ૨૦૧૮–૧૯

બાગાયત મહાવિદ્યાલય ધ્વારા તા. ૧૬/૦૮/૨૦૧૮ ને ગુરૂવારના રોજ ૨૦૧૮–૧૯ વર્ષમાં નવા પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓનો ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલું હતું. આ પ્રોગ્રામમાં ડૉ. કે. પી. પટેલ, વિદ્યાશાખાધ્યક્ષશ્રી, બાગાયત મહાવિદ્યાલયના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં ડૉ. એચ. સી. પટેલ, આચાર્ય, બાગાયત મહાવિદ્યાલય, ડૉ. બી. એન. સાટોડિયા, સહ પ્રાધ્યાપક, બાગાયત મહાવિદ્યાલય, ડૉ. આર. આર. ગજેરા, સહ પ્રાધ્યાપક, બાગાયત મહાવિદ્યાલય, ડૉ. એચ. એન. પ્રજાપતિ, મદદનીશ રેકટર, બોયઝ હોસ્ટેલ, ડૉ. ડી. ડી. પારેખ, એકેડેમીક ઈન્ચાર્જ, બાગાયત મહાવિદ્યાલય, ડૉ. સી. એચ. રાવલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર, બાગાયત મહાવિદ્યાલય તથા બાગાયત મહાવિદ્યાલયના કર્મચારીઓ હાજર રહેલા હતા. આ કાર્યક્રમમાં ડૉ. કે. પી. પટેલ સાહેબ અને ડૉ. એચ. સી. પટેલે સૌ વિદ્યાર્થીઓને આવકારી અને અભિનંદન પાઠવ્યા હતા. એકેડેમીક ઈન્ચાર્જ ધ્વારા સેમેસ્ટર પધ્ધતિ, પરીક્ષા પધ્ધતિ તથા કોલેજના નિયમોની માહિતી આપવામાં આવેલ હતી. મદદનીશ રેકટરો ધ્વારા હોસ્ટેલના નિયમો વિશે જાણકારી આપેલ હતી. એસ.આર.સી. ચેરમેન ધ્વારા વર્ષ દરમ્યિાન આયોજિત થતા રમત–ગમત, સાંસ્કૃતિક પ્રોગ્રામો તથા અન્ય વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમોની જાણકારી આપેલ હતી. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ધ્વારા એન.એસ.એસ. કાર્યક્રમોની વિવિધ પ્રવૃતિ અંગેની માહિતી આપેલ હતી. આ કાર્યક્રમમાં નવા પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ ધ્વારા પોતાનો પરિચય તથા પોતાનો કારકીદીનો લક્ષ્યાંક કયો છે તેની માહિતી આપેલ હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને બાગાયત ફાર્મ, નર્સરી, એગ્રોનોમી ફાર્મ, સેન્ટ્રલ મ્યુઝીયમ, યુનિવર્સિટી લાઈબ્રેરી વિગેરે વિવિધ કેન્દ્રોની રૂબરૂ મુલાકાત કરાવેલી હતી. આ કાર્યક્રમની આભારવિધિ તથા સંચાલન ડૉ. ડી. ડી. પારેખે કરેલ હતું.










